અપીલ અરજી નં.૧૪૭ તા.૨૩–૭–૧૦/૧૧

અરજદારઃ– શ્રી ઈશ્વરભાઈ સોમાભાઈ પટેલ
સામાવાળાઃ– ડે.કમિશ્નર(પઅનેઈ)અને જાહેર માહિતી અધિકારી(કતારગામઝોન)

**ફરીયાદની હકીકતઃ–**

**વિષય :**– આરટીઆઈ એકટ હેઠળ આઈ ડી નં.૫૦૪ શ્રી ઈશ્વરભાઈ સોમાભાઈ પટેલની તા.૪–૮–૦૯ ની અરજીથી ટીપી સ્કીમ નં.૫૧ (ડભોલી) રે.સ. નં.૧૩૫ માં મંજુર થયેલ નામે ક્રિષ્ના રો હાઉસ સોસા.નો પ્લાન તથા રજાચિઠ્ઠીની નકલ મેળવવા બાબતે મુદ્દા નં.૧ થી ૨ ની માહિતી આપવા બાબત.

**સંદર્ભ :**– અરજદાર મજકુરની તા.૨૩–૭–૧૦ ની **SMC/FAP/** નં.૧૪૭/૨૦૧૦–૧૧

શ્રી ઈશ્વરભાઈ સોમાભાઈ પટેલની તા.૪–૮–૦૯ ની અરજીથી ટીપી સ્કીમ નં.૫૧ (ડભોલી) રે.સ. નં.૧૩૫ માં મંજુર થયેલ નામે ક્રિષ્ના રો હાઉસ સોસા.નો પ્લાન તથા રજાચિઠ્ઠીની નકલ મેળવવા બાબતે મુદ્દા નં.૧ થી ૨ ની માહિતી આપવા બાબતે ડે.કમિશ્નર(પઅનેઈ) અને જાહેર માહિતી અધિકારી કતારગામઝોનના પત્ર નં.નોર્થઝોન/ આ. નં.૩૪૨૬ તા.૨૯–૮–૦૯ થી મળેલ પ્રતિભાવથી નારાજ થઈ લગભગ ૧૦ માસના વિલંબથી એપેલેટ ઓફિસરને તા.૨૩–૭–૧૦ ના રોજ અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ, આપેલ માહિતીની નોંધ વિભાગ સહિત નકલ આપવા જોગ પૂરક માહિતીની વિગતો તથા વિલંબ/ વિસંગતતા હોય તો તેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવા પત્ર નં.આરટીઆઈ સેલ/૫૫૨ તા.૨–૮–૧૦ થી ડે.કમિશ્નર(પઅનેઈ)અને જાહેર માહિતી અધિકારી(કતારગામઝોન) તથા અરજદારને અપીલ અરજીમાં મુળ અરજીની નકલ , ફી ભર્યાની વિગત તથા અપીલના દાવાના સમર્થનમાં જે કોઈ આધાર કે બચાવ હોય તે તથા વિલંબ અંગેના કારણો પણ રજૂ કરવા જણાવવામાં આવેલ. વધુમાં જાહેર માહિતી અધિકારીએ જણાવેલ વિગતે પ્લાન રદ થયેલ હોય તે સંજોગોમાં મંજુર ગણાય નહીં તેવું જણાવેલ છે. તે સંજોગોમાં તમો કયા પ્લાનની નકલ માંગો છો તે સ્પષ્ટ કરવા પણ જણાવવા પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી કતારગામઝોન તરફથી તા.૨૭–૮–૧૦ ના રોજ રૂબરૂમાં પૂરક વિગતોમાં અરજદારની મુળ અરજીની નકલ, સેન્ટ્રલઝોન તરફથી પત્ર નં. સે.ઝોન / આરટીઆઈ/જાવક/૬૦૨ તા.૭–૮–૦૯ થી ટાઉન પ્લાનરશ્રી શહેર વિકાસ વિભાગને તબદીલ કરવામાં આવેલ પત્રની નકલ, તથા મધ્યસ્થ શહેર વિકાસ તરફથી પત્ર નં.ટીડીઓ/૨૦૪૨ તા.૧૨–૮–૦૯ થી મ. જાહેર માહિતી અધિકારી અને શહેર વિકાસ અધિકારી ટાઉન પ્લાનીંગ વિભાગ તથા મ. જાહેર માહિતી અધિકારી કાર્યપાલક ઈજનેર કતારગામઝોનને તબદીલ કરવામાં આવેલ પત્રની નકલ, તથા અરજદારને આપવામાં આવેલી માહિતી અંગે પત્ર ન.નોર્થઝોન/આ.નં.૩૪૨૬ તા.૨૯–૮–૦૯ ના પત્રની નકલ અત્રેના વિભાગને મળેલ છે. જયારે અરજદાર તરફથી અત્રેના પત્ર નં.આરટીઆઈ સેલ/૫૫૨ તા.૨–૮–૧૦ સંદર્ભે કોઈ પૂરક વિગતો અત્રેના વિભાગને મળેલ નથી.

અરજદારની તા.૪–૮–૦૯ ની અરજીથી ટીપી સ્કીમ નં.૫૧ (ડભોલી) રે.સ. નં.૧૩૫ માં મંજુર થયેલ નામે ક્રિષ્ના રો હાઉસ સોસા.નો પ્લાન તથા રજાચિઠ્ઠીની નકલ મેળવવા તથા મુદ્દા નં.૧ રે.સ. નં.૧૩૫ માંથી જતો સુડાનો રોડ કયા કારણોસર ખસ્યો તેની વિગત અને મુદ્દા નં.૨ રે.સ. નં.૧૩૫ માં ચાલુ રીઝર્વેશન બાંધકામ કરેલાની વિગત અને કયા અધિકારીએ અને કઈ રીતે પ્લાન મંજુર કર્યો તેની સંપૂર્ણ વિગત સને ૧૯૯૫ થી ૨૦૦૦ સુધીનો સર્વે નં.૧૩૫ માં બાંધકામ કરેલ તેની વિગત માંગતી અરજી કાર્યપાલક ઈજનેર અને જાહેર માહિતી અધિકારી સેન્ટ્રલઝોનને કરવામાં આવેલ. સેન્ટ્રલઝોન તરફથી પત્ર નં.સે.ઝોન/આરટીઆઈ/જાવક/૬૦૨ તા.૭–૮–૦૯ થી ટાઉન પ્લાનરશ્રી શહેરી વિકાસ મધ્યસ્થને તબદીલ કરવામાં આવેલ. તેઓ તરફથી પત્ર નં.ટીડીઓ/૨૦૪૨ તા.૧૨–૮–૦૯ થી મ. જાહેર માહિતી અધિકારી ટાઉન પ્લાનીંગ વિભાગને મુદ્દા નં.૧ ની અંશતઃ માહિતી માટે અને મ. જાહેર માહિતી અધિકારી કાર્યપાલક ઈજનેર કતારગામઝોનને મુદ્દા નં.૨ માટે તબદીલ કરવામાં આવેલ. જેના અનુસંધાને ડે.કમિશ્નર(પઅનેઈ) અને જાહેર માહિતી અધિકારી કતારગામઝોન તરફથી '' ટીપી સ્કીમ નં.૫૧(ડભોલી) રે.સ. નં.૧૩૫ વાળી મિલ્કતમાં એન.ઝેડ/આ.નં.૫૭ તા. ૭–૨–૧૯૯૭ થી મંજુર થયેલ બાંધકામનો પ્લાન ટીડીઓ/ નં.૧૧૯૨ તા.૫–૧૦–૯૮ રદ થયેલ હોય હાલની તારીખે સદરહુ મિલ્કતનો કોઈ પ્લાન મંજુર થયેલ ગણાય નહીં જેથી મંજુર પ્લાનની નકલ આપવાની રહેતી નથી. તેમજ અત્રે કતારગામઝોનમાં ઉપલબ્ધ રેકર્ડ ચકાસતાં રે.સ. નં.૧૩૫ માં સને ૧૯૯૫ થી ૨૦૦૯ સુધીમાં થયેલ બાંધકામની વિગત રેકર્ડ ઉપર જણાતી નથી '' તેવું જણાવેલ છે. તેવા મળેલા પ્રતિભાવથી નારાજ થઈ અરજદારે છેલ્લી ૨ લીટીઓ '' અત્રે ઉપલબ્ધ રેકર્ડ ચકાસતાં રે.સ. નં.૧૩૫ માં સને ૧૯૯૫ થી ૨૦૦૯ સુધીમાં થયેલ બાંધકામની વિગત રેકર્ડ ઉપર જણાતી નથી સદર બાબતે માહિતી માંગવાની કે હાલમાં રે.સ. નં.૧૩૫ માં મકાન હયાત છે તો તેની પ્લાન પાસ સહી સિકકાવાળી નકલ અને રજાચિઠ્ઠીની નકલની માંગણી કરી આશરે ૧૦ માસના વિલંબથી અપીલ અરજી કરેલ છે. આરટીઆઈ એકટની જોગવાઈઓ મુજબ વિલંબથી કરેલ અપીલ અરજી પ્રથમદર્શીયરીતે ગ્રાહય રાખી શકાય નહીં પરંતુ કાયદાના હાર્દ અને ભાવના ધ્યાને રાખીને અપીલ અરજી ગ્રાહય રાખેલ છે. જે બાબતે અરજદારને અપીલ તબકકે અત્રેથી પત્ર નં.આરટીઆઈ સેલ/૫૫૨ તા.૨–૮–૧૦ થી મુળ અરજીની નકલ ફી ભર્યાની વિગત તથા અપીલના દાવાના સમર્થનમાં આધાર કે બચાવ તથા અપીલના વિલંબ અંગેના વાજબીપણાના કારણો જણાવવા માટે પત્ર પાઠવવા છતાં અરજદાર તરફથી તેવી કોઈ વિગતો રજૂ કરવામાં આવેલ નથી. જે બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી હાલમાં કોઈ પ્લાન પાસ ગણાય નહીં અરજદારે મંજુર પ્લાનની નકલની માંગણી કરેલ છે તેથી પ્લાનના સહી સિકકાવાળી નકલ કે રજાચિઠ્ઠીનો પ્રશ્ન ઉપસ્થિત થાય નહીં. તે બાબતે જાહેર માહિતી

અધિકારીએ દફતરી ઉપલબ્ધ વિગતો જાહેર માહિતી અધિકારી તરફથી પૂરી પાડવામાં આવેલ છે. વધુમાં આરટીઆઈ એકટની કલમ–૨(એફ) અને ૨ (જે) હેઠળ માહિતી અને માહિતી અધિકારની વ્યાખ્યા અન્વયે જાહેર સત્તા મંડળની પાસેની અથવા નિયંત્રણ હેઠળની દફતરી ઉપલબ્ધ માહિતી પૂરી પાડવાની જોગવાઈ છે. જયારે મુદ્દા નં.૧ અંગે અરજદારની કોઈ તકરાર ન હોઈ તે અંગે કોઈ હુકમ કરવાનો રહેતો નથી.

**હુકમ**

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

અરજદારે તા.૪–૮–૦૯ ની અરજીથી માંગેલ માહિતી જાહેર માહિતી અધિકારી તરફથી દફતરી ઉપલબ્ધ માહિતી પૂરી પડાયેલ હોઈ અપીલ અરજી અંગે વિશેષ કોઈ હુકમ કરવાનો રહેતો નથી. તેમ છતાં અરજદાર ઈચ્છુક હોય તો દિન–૭ માં જાહેર માહિતી અધિકારીનો આગોતરો સમય મેળવી તેમની વિલંબિત અપીલ ધ્યાને લેતાં જાહેર માહિતી અધિકારી કક્ષાએ ઉપલબ્ધ મિલ્કત બાંધકામ રજીસ્ટરની તપાસણી આરટીઆઈ એકટની કલમ–૭(૩) સાથે નિયમ–૫ હેઠળ લાગુ કિસ્સામાં નિયત ફી ભરપાઈ કરીને કરવા સ્વતંત્ર છે.

નં.આરટીઆઈસેલ/
તારીખ : –૮–૧૦

ડે.કમિશનર (સ્પે.)
અને એપેલેટ ઓફિસર
સુરત મહાનગર પાલિકા

પ્રતિ,
(૧) ડે.કમિશનર(પઅનેઈ) અને જાહેર માહિતી અધિકારી(કતારગામ ઝોન) ... ..જાણ તથા અમલ માટે
(૨) શ્રી ઈશ્વરભાઈ સોમાભાઈ પટેલ,